સુરત, અમદાવાદ સહિત રાજ્યભરની જેલોને ઉડાવવાની ધમકી અફવા સાબિત થઈ

DGP કચેરીને ઈ-મેઈલ મળતાં રાજ્યભરમાં હાઈ એલર્ટ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા તપાસ

ગાંધીનગરઃ સુરત ઉપરાંત અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ સહિત ગુજરાતભરની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ગાંધીનગર સ્થિત પોલીસ મહાનિર્દેશક (DGP) કચેરીના સત્તાવાર ઈ-મેઈલ પર અજાણ્યા શખસે ધમકીભર્યો ઈ-મેઈલ મોકલ્યો હતો. આ ઘટનાને પગલે રાજ્યની તમામ જેલોમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ સહિત ગુજરાતભરની તમામ જેલોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈ-મેઈલમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, મોરબી અને સુરત સહિત રાજ્યની જેલોને નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે. ઈ-મેઈલમાં '2008ને ભૂલશો નહીં, મોટું સરપ્રાઈઝ આપવામાં આવશે, વેઈટ એન્ડ વોચ' જેવી ચેતવણી સાથે પાકિસ્તાન ઝિંદાબાદ અને ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જોકે, કઈ જેલમાં બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ધમકી મળતાં જ સાબરમતી જેલમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDDS) અને ડોગ સ્ક્વોડ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. જેલ પરિસરમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. મુલાકાતીઓ, વાહનો અને જેલમાં આવતી સામગ્રીની પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. બીજી તરફ, પાટણ કલેક્ટર કચેરીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યાની માહિતી સામે આવી છે. આથી સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. સાયબર ક્રાઈમ દ્વારા ધમકીભર્યો ઈ-મેઈલ મોકલનારની ઓળખ કરવા માટે IP એડ્રેસ સહિતની વિગતોના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

B.Sc નર્સિંગ સહિતના કોર્સિસમાં છઠ્ઠા રાઉન્ડની ચોઈસ ફિલિંગનો પ્રારંભ

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2026-27માં બીએસસી નર્સિંગ, ફિઝિયોથેરાપી સહિતના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે છઠ્ઠા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ રાઉન્ડમાં માત્ર સરકારી સંસ્થાઓની ખાલી બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રવેશ સમિતિના જણાવ્યા પ્રમાણે, પાંચમા રાઉન્ડની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સરકારી સંસ્થાઓમાં કુલ 242 બેઠકો ખાલી રહેવા પામી છે. આ બેઠકો પર પ્રવેશ આપવા માટે છઠ્ઠા રાઉન્ડની ચોઈસ ફિલિંગ શરૂ કરવામાં આવી છે. ઉમેદવારો 6 નવેમ્બર, 2026ના રોજ સવારે 10 વાગ્યા સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે.

ચીન અને અમેરિકાનો AI પરપોટો હવે ફૂટવાની તૈયારીમાં છે



૧૯૯૦ના દાયકામાં જે રીતે ડોટ કોમનો ફુગ્ગો ફૂટી ગયો હતો તેમ ૨૦૨૦ના દાયકામાં AI નો ફુગ્ગો પણ ફૂટી જવાની તૈયારીમાં છે. વિશ્વભરમાં AI કંપનીઓ ભવિષ્યના નફાની ગણતરી સાથે અબજો ડોલરની ઉધારી કરી રહી છે, પણ નફો ક્યાંય દૂર સુધી પણ દેખાતો નથી. ભારતીય શેરબજારમાં ચાલી રહેલા ઘટાડા વચ્ચે ચીનના AI ક્ષેત્રના સમાચાર વિશ્વભરનાં રોકાણકારો માટે ચેતવણીરૂપ છે. ચીનમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કંપનીઓના શેરોમાં આવેલો ઉછાળો હવે મોટા ઘટાડામાં ફેરવાઈ ગયો છે. STAR50 ઇન્ડેક્સ, જેમાં AI અને સેમિકન્ડક્ટર કંપનીઓનું વર્ચસ્વ છે, તે જુલાઈના ટોચના સ્તરથી ચાર મહિનાથી ઓછા સમયમાં લગભગ ૪૦ ટકા ઘટ્યો છે. આનાથી બજારના મૂલ્યમાં લગભગ ૪૮૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

AI ની માંગ અંગે ચિંતાઓ અને ચીની ટેક ઉત્પાદનો પર અમેરિકન પ્રતિબંધોની સંભાવનાએ રોકાણકારોને ગભરાવ્યા છે. આ ઘટાડાથી ચીનના સામાન્ય રોકાણકારોની બચતને ટેક્નોલોજી ક્ષેત્ર તરફ આકર્ષિત કરવાના પ્રયાસોને પણ ફટકો પડ્યો છે. ચીનનો બ્લુ-ચિપ ઇન્ડેક્સ જૂનમાં ટોચ પર હતો. હવે તે લગભગ ૨૦ ટકા નીચે આવી ગયો છે. ઓગસ્ટમાં લિસ્ટિંગ થયા પછી ચીનના રોબોટ નિર્માતા યુનિટ્રીના શેરના ભાવો લગભગ અડધા થઈ ગયા છે. ચિપ નિર્માતા CXMTના શેરના ભાવો પણ ગયા મહિનામાં એક ક્વાર્ટરથી વધુ ઘટ્યા છે. જુલાઈથી મેટાએક્સ ઇન્ટિગ્રેટેડ સર્કિટ્સ અને મૂર થ્રેડ્સ ટેક્નોલોજીના શેર પણ લગભગ ૫૦ ટકા ઘટ્યા છે.

તેજી દરમિયાન રોકાણકારોએ આ કંપનીઓમાં મોટા પાયે રોકાણ કર્યું હતું. હવે નુકસાનના ડરથી રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યાં છે. ટેક્નોલોજી કંપનીઓ માટે મૂડી એકત્ર કરવાનું મુશ્કેલ બની શકે છે. નિષ્ણાતોને શેરોમાં વધુ ઘટાડાનો ભય છે. વિશ્લેષકોના મતે અમેરિકાના પ્રતિબંધોનો ભય, ડેટા સેન્ટરો માટે ચીની સાધનોના પુરવઠા પર સંભવિત નાકાબંધી અને શેરોના અતિશય ઊંચા ભાવોએ વેચાણને વેગ આપ્યો છે. જો કે, કેટલાંક રોકાણકારો આ ઘટાડાને ખરીદીની તક તરીકે પણ જોઈ રહ્યાં છે. ચીનના રોકાણ કરનારા સમુદાયમાં ચિંતા વધી રહી છે કે AIમાં નફો રળવાની આશાઓમાં વધુ પડતું રોકાણ કરવાથી નુકસાન થઈ શકે છે.

ચીનની જેમ અમેરિકાનાં બજારોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. અગ્રણી ઇન્ડેક્સ, S&P 500, ૨.૦૬ ટકા ઘટ્યો છે. ઇન્ટેલના શેરમાં ૨૮ ટકાનો ઘટાડો થયો છે. NVIDIA, AMD, DELL અને HPના શેરમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આ નોંધપાત્ર ઘટાડાના પરિણામે Nasdaq Composite ઇન્ડેક્સ ૨.૮૬ ટકા ઘટીને બંધ થયો છે. આ મોટા ઘટાડાએ વિશ્વભરનાં રોકાણકારોને ડરાવી દીધાં છે અને એવું માનવામાં આવે છે કે અમેરિકામાં પણ AI નો પરપોટો ફૂટવા લાગ્યો છે. શુક્રવારે નાસ્ડેક કમ્પોઝિટમાં ૫ જૂન પછીનો સૌથી મોટો એક દિવસનો ઘટાડો જોવા મળ્યો હતો. આનું કારણ ઇન્ટેલ અને એમેઝોનનાં નબળાં ત્રિમાસિક પરિણામો હતાં. ડેટા પણ AI ના પક્ષમાં નથી, જેના કારણે રોકાણકારો નિરાશ થયાં છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે AI નો પરપોટો ટૂંક સમયમાં ફૂટી શકે છે. શું AI બબલ ફૂટી ગયો છે? આ પ્રશ્ન હાલમાં દરેક રોકાણકારને પરેશાન કરી રહ્યો છે. વૈશ્વિક AI ક્ષેત્ર નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. જે AI એ છેલ્લાં બે વર્ષથી જનતા અને ઉદ્યોગ બંનેમાં ઉત્સાહ પેદા કર્યો છે તે જ AI હવે મોટા પાયે માળખાકીય ખર્ચ અને આવકના પ્રવાહના ચક્રવ્યૂહમાં ફસાઈ ગયું છે. કંપનીઓ હજુ પણ તેના રોડમેપ વિશે અનિશ્ચિત છે. આ કારણે AI માળખું વાસ્તવિકતા સાથે અથડાઈ રહ્યું છે.

CAIA એસોસીએશનના સ્ટીફન વોંગ આ ઘટાડા વિશે સમજાવતાં કહે છે કે AI વિશે કરવામાં આવેલા બધા ઊંચા દાવાઓની હવે ફરીથી ચકાસણી કરવામાં આવી રહી છે. તે નક્કી કરવામાં આવી રહ્યું છે કે તેઓ તેમની પાસેથી રોકાણકારોએ રાખેલી અપેક્ષાઓ પર ખરા ઊતરે છે કે નહીં. આ જ કારણ છે કે AI કંપનીઓ તેમના શેરોમાં તીવ્ર ઘટાડો જોઈ રહી છે. આને AI પરપોટાના ફૂટવા સાથે જોડવામાં આવી રહ્યું છે. AI ક્ષેત્રમાં આવકની સંભાવના, નફાકારકતા અને ખર્ચ-અસરકારકતાની હવે નજીકથી તપાસ કરવામાં આવી રહી છે. યુબીએસ ગ્લોબલ રિસર્ચનો અંદાજ છે કે છ સૌથી મોટી કંપનીઓ ૨૦૩૦ સુધીમાં એઆઈ પર ૭.૭ ટ્રિલિયન ડોલરનો ખર્ચ કરશે. નિષ્ણાતો માને છે કે પાણીની જેમ પૈસા ખર્ચવાના આ નવા વલણથી તેમનાં રોકાણ પરના વળતરમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. પોતાનો નફો જાળવી રાખવા માટે આ કંપનીઓને ૨૦૩૧ સુધીમાં આશરે ૧ ટ્રિલિયન ડોલરની વધારાની આવક ઉત્પન્ન કરવાની જરૂર પડશે, પરંતુ રોકાણકારોને શંકા છે કે શું તેઓ ખરેખર ભવિષ્યમાં આટલી આવક ઉત્પન્ન કરી શકશે.

ચીની અને અમેરિકન શેરબજારો કૃત્રિમ બુદ્ધિમત્તા અને ટેક્નોલોજી શેરબજારો અંગેની ચિંતાઓથી દબાયેલા છે, તેમ છતાં ભારતીય શેરબજાર આ ઘટનાઓથી અવિચલિત રહ્યું છે અને તેણે પોતાની ઉપરની ગતિ જાળવી રાખી છે. ભારતના શેર બજારમાં છેલ્લાં બે ટ્રેડિંગ સત્રોમાં ૨ ટકાનો જંગી ઉછાળો જોવા મળ્યો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ સેન્સેક્સ બે દિવસમાં ૧,૨૧૩ પોઈન્ટ ઉછળીને ૭૪,૪૫૯ પર પહોંચ્યો છે, જ્યારે નિફ્ટી ૫૦ માં પણ વધારો જોવા મળ્યો છે.

વિશ્લેષકો માને છે કે આ AI પરપોટો ડોટ-કોમના પરપોટા કરતાં ૧૭ ગણો મોટો અને ૨૦૦૮ ના રિયલ એસ્ટેટ ક્રેશ કરતાં ચાર ગણો મોટો છે. કંપનીઓએ AI ની ક્ષમતાઓને અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરી છે, જેના કારણે AI કંપનીઓમાં મોટા પાયે રોકાણો થયાં છે. આ પરિસ્થિતિ ગંભીર આર્થિક કટોકટી તરફ દોરી શકે છે, જેમાંથી બહાર નીકળવું મુશ્કેલ હોઈ શકે છે. ભારત પણ તેનાથી બચી શકશે નહીં અને તેને અનેક પડકારોનો પણ સામનો કરવો પડશે. એક સ્વતંત્ર સંશોધન પેઢી મેક્રોસ્ટ્રેટીજી પાર્ટનરશિપે તેના અહેવાલમાં આ ચિંતા વ્યક્ત કરી છે. પેઢીના જણાવ્યા અનુસાર AI પરપોટો ખૂબ મોટો થઈ ગયો છે. જુલિયન ગેરેન અને તેમની ટીમ માને છે કે કંપનીઓએ AI ની સાચી શક્તિને ખૂબ જ અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરી છે. મોટા વ્યવસાયોમાં મોટા ભાષા મોડેલો (LLMs) અપનાવવાનો દર પહેલાથી જ ઘટવા લાગ્યો છે. ગેરેને એમ પણ કહ્યું કે ચેટજીપીટી કદાચ ટોચમર્યાદા પર પહોંચી ગયું છે. તેમણે સમજાવ્યું કે તેનું નવું સંસ્કરણ તેના પુરોગામી કરતાં દસ ગણું મોંઘું છે, પરંતુ પ્રદર્શનમાં કોઈ સુધારો દર્શાવતું નથી. આ પરિસ્થિતિ સૂચવે છે કે AI નો વિકાસ અપેક્ષા મુજબ આગળ વધી રહ્યો નથી. ગેરેને પોતાના અહેવાલમાં ચેતવણી આપી હતી કે આ AI તેજીનાં ગંભીર આર્થિક પરિણામો આવી શકે છે. જો આ પરપોટો ફૂટશે તો અર્થતંત્ર મંદીમાં ડૂબી શકે છે, જેનાથી સરકાર માટે તેને સંભાળવું ખૂબ મુશ્કેલ બનશે.

ટીએસ લોમ્બાર્ડ ખાતે ગ્લોબલ મેક્રોના મેનેજિંગ ડિરેક્ટર ડારિયો પર્કિન્સે પણ આવી જ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે ટેક કંપનીઓ AI ડેટા સેન્ટર બનાવવા માટે ભારે દેવું લઈ રહી છે. તેમણે આ વલણની તુલના ડોટ-કોમ અને સબપ્રાઇમ મોર્ટગેજ બબલ્સ સાથે કરી હતી. પર્કિન્સે સમજાવ્યું હતું કે મોટી ટેક કંપનીઓને ચિંતા નથી કે તેમનાં રોકાણો કોઈ વળતર આપશે કે કેમ, કારણ કે તેઓ રેસમાં છે. તેમણે કહ્યું કે આ ચોક્કસપણે એક લાલ સિગ્નલ છે. તેનો અર્થ એ છે કે કંપનીઓ નફા કરતાં સ્પર્ધા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, જે એક ખતરનાક સંકેત છે. એમેઝોનના સીઈઓ જેફ બેઝોસે પણ કોન્ફરન્સમાં સ્વીકાર્યું હતું કે AI એક પરપોટો છે. ભારત પણ વૈશ્વિક વાતાવરણથી મુક્ત રહી શકે તેમ નથી. ભારતે કોઈ પણ સંભવિત વૈશ્વિક મંદી અથવા AI પરપોટાના ફૂટવાની અસરને ઘટાડવા માટે સમજદારીપૂર્વક કાર્ય કરવું જોઈએ. પ્રથમ, તેણે માળખાગત સુવિધાઓ અને ગ્રામીણ આવક પર સરકારી ખર્ચ ચાલુ રાખીને સ્થાનિક માંગ જાળવી રાખવી જોઈએ. આ વૈશ્વિક આંચકાઓની અસરને ઘટાડશે. બીજું, AI ને કારણે સંભવિત નોકરીના નુકસાનનો ઉકેલ મેળવવા માટે ભારતે ખાસ કરીને IT અને ઉત્પાદન ક્ષેત્રોમાં મોટા પાયે કૌશલ વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકવા જોઈએ. ત્રીજું, AI તેજીને આર્થિક પરપોટામાં ફેરવાતી અટકાવવા માટે ભારતની સરકારે ઉચ્ચ-મૂલ્યાંકન અને ખૂબ દેવાવાળા સ્ટાર્ટઅપ્સ પર નિયમનકારી કડકતા જાળવી રાખવી જોઈએ, જેથી તેઓ દેવાળું ફૂંકે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

વિશ્લેષકો માને છે કે આ AI પરપોટો ૧૯૯૦ના દાયકાના ડોટ-કોમના પરપોટા કરતાં ૧૭ ગણો મોટો અને ૨૦૦૮ ના રિયલ એસ્ટેટ ક્રેશ કરતાં ચાર ગણો મોટો છે

માહિતી નિયામક તરીકે જી. ટી. પંડ્યાએ પદભાર સંભાળ્યો

ગાંધીનગરઃ ગાંધીનગર ખતે માહિતી નિયામકનો પદભાર જી.ટી.પંડ્યાએ પદભાર સંભાળ્યા બાદ અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ સહિત માહિતીના અધિકારીઓ સાથે બેઠક કરીને પરિચય કેળવ્યો હતો. જી. ટી. પંડ્યાએ માહિતી નિયામકની કચેરીની કામગીરી સમજી હતી. માહિતી નિયામકનો ચાર્જ સંભાળ્યો તે અગાઉ તેઓ રાજ્યના શિક્ષણ વિભાગમાં અધિક સચિવ તરીકે કાર્યરત હતા. તેઓ મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેક્ટર તરીકે અને રાજકોટ જિલ્લામાં પણ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓને સ્વસ્થ ભારત અને ઈ-ઔષધિ પ્રોજેક્ટ માટે સ્કોચ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

જનગણના-2027ના બીજા તબક્કાની કામગીરી માટે ગુજરાતમાં કવાયત શરૂ

મુખ્ય સચિવે કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને સચોટ આયોજન અને સમયસર કામગીરી પૂર્ણ કરવા આપ્યા નિર્દેશ

ગાંધીનગરઃ જનગણના-2027ના બીજા તબક્કા એટલે કે વસ્તી ગણતરીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવા ગુજરાત સરકારે તૈયારીઓ તેજ બનાવી છે. આ કામગીરીમાં આંકડાઓની ચોકસાઈ, ડિજિટલ સાધનોનો અસરકારક ઉપયોગ અને સમયબદ્ધ આયોજન પર ભાર મૂકતાં મુખ્ય સચિવ એમ. કે. દાસે તમામ જિલ્લા કલેક્ટરો અને મ્યુનિસિપલ કમિશનરોને જનગણનાની કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા સૂચના આપી છે. આ સંદર્ભે આજે રાજ્યસ્તરીય મુખ્ય જનગણના અધિકારીઓની પરિષદ યોજાઈ હતી, જેમાં જિલ્લા સ્તરના અધિકારીઓએ વર્ચ્યુઅલ માધ્યમથી ભાગ લીધો હતો.

પરિષદમાં ભારતના રજિસ્ટ્રાર જનરલ અને જનગણના કમિશનર મૃત્યુંજય કુમાર નારાયણે ગુજરાતમાં ઘરયાદીની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ પ્રશંસા કરી હતી. તેમણે સ્વ-ગણતરી (સેલ્ફ એન્યુમરેશન)માં મહત્તમ જાહેર સહભાગિતા સુનિશ્ચિત કરવા અને વસ્તી ગણતરીના બીજા તબક્કા માટે રાજ્ય સરકારનો સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરી હતી. મુખ્ય સચિવે જણાવ્યું હતું કે જનગણનાના આંકડા શાળાઓ, આંગણવાડીઓ, રોજગાર, શહેરી આયોજન અને ગરીબી નાબૂદી સહિતનાં ક્ષેત્રોમાં નીતિ ઘડતર તથા વિકાસલક્ષી આયોજન માટે મહત્ત્વપૂર્ણ આધાર પૂરો પાડે છે. પરિષદમાં વસ્તી ગણતરીની કામગીરી, તાલીમ માળખું, પ્રશ્નાવલી, ડિજિટલ સાધનો, કાનૂની જોગવાઈઓ અને પ્રચાર-પ્રસારની વ્યૂહરચના અંગે ટેકનિકલ સત્રો યોજાયાં હતાં.

ગુજરાત યુનિવર્સિટીની ભરતી વિવાદમાં 20 હજાર યુવાનોના ભવિષ્ય સામે સવાલ

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીની વહીવટી કર્મચારીઓની ભરતી પ્રક્રિયા વિવાદમાં સપડાતાં હજારો ઉમેદવારોના ભવિષ્ય સામે સવાલો ઊભા થયા છે. આશરે 20 હજાર ઉમેદવારોએ ભરતી માટે અરજી કરી ફી ભર્યા બાદ હવે પ્રક્રિયા અટકી જવાની કે રદ થવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

આ મુદ્દે એનએસયુઆઈના પૂર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં 126 નોન-ટીચિંગ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત આપવામાં આવી હતી, જેમાં 11 હજારથી વધુ ઉમેદવારોએ અરજી કરી હતી. ઉમેદવારોએ અરજી ફી ભરી પરીક્ષાની તૈયારી કરી હતી અને ભરતી પરીક્ષા પણ યોજાઈ ગઈ છે. તેમ છતાં રાજ્ય સરકાર દ્વારા નોન-ટીચિંગ જગ્યાઓને મંજૂરી ન અપાઈ હોવાના મુદ્દે ભરતી પ્રક્રિયા વિવાદમાં મુકાઈ છે. જાહેરાત આપતાં પહેલાં જરૂરી મંજૂરીઓની ચકાસણી કેમ કરવામાં આવી નહોતી તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

BAMS-BHMSમાં પ્રવેશ માટે ચોથા સ્ટ્રે વેકન્સી રાઉન્ડનો કાર્યક્રમ જાહેર

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2026-27માં આયુર્વેદિક અને હોમિયોપેથી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ગુજરાત સ્ટેટ ક્વોટાના ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકન્સી રાઉન્ડનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ રાઉન્ડમાં કુલ 1701 ખાલી બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવશે. ઓનલાઈન પીન ખરીદી માટે 5 નવેમ્બર બપોરે 3 વાગ્યા સુધી અને ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે સાંજે 5 વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. ત્યારબાદ 6 નવેમ્બરના રોજ સવારે 10થી બપોરે 1 વાગ્યા દરમિયાન નિયત હેલ્પ સેન્ટર ખાતે અરજીની ચકાસણી અને પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો જમા કરાવવાની રહેશે. આ રાઉન્ડમાં આયુર્વેદિકની 99 અને હોમિયોપેથીની 1602 મળીને કુલ 1701 બેઠકનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં રાઉન્ડ-3 દરમિયાન નોન-રિપોર્ટેડ અને નોન-એલોટેડ રહેલી બેઠકો ઉપરાંત 15 ટકા SFI AIQ ક્વોટામાં ખાલી રહેલી બેઠકોને સ્ટેટ ક્વોટામાં રૂપાંતરિત કરીને પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.

BUSINESS મિત્ર

ક્રુડ ઓઇલમાં ઉછાળો હોવા છતાં એફએમસીજી સેક્ટરની મજબૂતાઈ અને ટેક્સ રાહતની અસરે બજારને સાથ આપ્યો

સેન્સેક્સ 1225 પોઇન્ટ્સ ઉછળ્યો

નિફ્ટી 23800ને પાર, રોકાણકારોની સંપત્તિમાં રૂ. 4 લાખ કરોડનો વધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 3: ભારતીય શેરબજારમાં તેજીનો દોર આગળ વધ્યો હતો. આજે નિફ્ટીએ 23800 પોઈન્ટની સપાટી કુદાવી દીધી છે, જ્યારે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ચાર લાખ કરોડનો વધારો થયો છે.

ક્રુડ ઓઈલમાં ઉછાળો હોવા છતાં એફએમસીજી સેક્ટરની જોરદાર ઉછાળો અને એફઆઈઆઈને એલટીસીજી પર ટેક્સ રાહતના પ્રસ્તાવની અસર આજે સતત શેરબજારમાં જોવા મળી હતી.

અમેરિકામાં મધ્યસત્ર ચુંટણી યોજાઈ રહી છે, તેના પરિણામો ઉપર પણ બજારની નજર રહેલી છે. ઈઝરાયલના પરિણામ બાદ ટ્રમ્પની સ્થિતિ ઉપર બજારનો માહોલ નક્કી થશે, તેવું નિષ્ણાતો માની રહ્યા છે.

સપ્તાહની શરૂઆતના બીજા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી આજે સમગ્ર દિવસ મજબૂત રહ્યા હતા, પરંતુ છેલ્લી 15 મીનિટમાં તે એટલો ઉછળ્યો હતો કે સેન્સેક્સ 76900 પોઈન્ટ અને નિફ્ટી 23800 પોઈન્ટની ઉપર બંધ થયો હતો. બ્રોડર માર્કેટમાં તેજી જોવા મળી હતી.

સેક્ટરોમાં જોઈએ તો આજે પીએસયુ બેન્ક સિવાય તમામ સેક્ટરોમાં પોઝિટિવ વલણ જોવાયું હતું.

બીએસઈ સેન્સેક્સ 1225.07 પોઈન્ટ એટલે કે 76917.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76917 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 76033 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 23800 પોઈન્ટની સપાટી કુદાવી છે. આજે નિફ્ટી 370.05 પોઈન્ટ એટલે કે 1.58 ટકા વધીને 23810.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23810 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23482 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 537.85 પોઈન્ટ એટલે કે 0.98 ટકા વધીને 55540.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કેન ફિન હોમ્સમાં 46.46 ગણા, જિન્દાલ સ્ટીલમાં 21.84 ગણા, ટીબીએ ટેકમાં 19.84 ગણા, ટ્રાઈડન્ટમાં 12.52 ગણા, ઓબેરોય રિયલ્ટીમાં 5.13 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ટ્રાઈડન્ટ લિ.માં 57.59 ગણા, ઝાયડસ વેલનેસમાં 34.4 ગણા, આસાહી ઈન્ડિયા ગ્લાસમાં 10.31 ગણા, બલરામપુર ચીની મીલ્સમાં 9.88 ગણા અને એઆઈએ એન્જીનીયરીંગમાં

9.49 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈનની સરખામણીએ પ્રદર્શન નબળું રહ્યું હતું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.84 ટકા અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.43 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. એનએસઈ ખાતે 2503 શેરો વધ્યા હતા. જ્યારે 1900 શેરો ઘટ્યા હતા. જ્યારે 203 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 3.65 ટકાવધ્યો હતો, જેમાં મેરિકો, બ્રિટાનીયા, નેસલે, ટાટા કન્ઝયુમર, રેડિકો ખેતાન, કોલગેટ-પામોલીવ, એચયુએલ, આઈટીસી, વરૂણ બેવરેજીસ અને યુનાઈટેડ સ્પીરીટસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર્સ 302 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. રોકાણકારો એપલના ત્રિમાસિક કમાણીના અહેવાલ પર નજ રાખી રહ્યા છે, તેની સાથે અમેરિકાની મધ્યસત્રની ચુંટણીની રાહ જતાં હોવાથી યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. ઓસ્ટ્રેલિયન સેન્ટ્રલ બેન્કે 25 બેસીસ પોઈન્ટનો વધારો કર્યો છે, જે નવેમ્બર 2008 પછીનો સર્વોચ્ચ સ્તર છે. આ ઉપરાંત, એઆઈ રોકાણમાંથી વળતરની ચિંતા વચ્ચે ટેકનોલોજી શેરો દબાણ હેઠળ એશિયન બજારો નીચા બજારમાં બંધ રહ્યા હતા. જોકે, જાપાનનો બજાર સંસ્કૃતિ દિવસ માટે બંધ રહ્યું હતું.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.70 ટકા, કેક 0.12 ટકા અને ડેક્સ 0.52 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં સ્ટ્રેઈટસ 0.66 ટકા, તાઈવાન 3.72 ટકા, કોસ્પી 3.73 ટકા, જકાર્તા 3.93 ટકા અને શાંઘાઈ 0.83 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.39 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો વધુ 17 પૈસા મજબૂત થયો

અમદાવાદ, તા. 3: કરન્સી બજારમાં આજે પણ રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી હતી. ડોલરની સામે રૂપિયો 17 પૈસા સુધરીને 94.74ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.91ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.44, પાઉન્ડ 126.32, કેનેડિયન ડોલર 67.67, ઓસ્ટ્રેલિયન ડોલર 66.31, જાપાનીઝ યેન 0.5989 અને સીંગાપોર ડોલર 74.01ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.74 રૂ.
યુરો	106.44 રૂ.
પાઉન્ડ	126.32 રૂ.
યેન	0.5989 રૂ.

સેન્સેક્સ	1225.07	76917.85
નિફ્ટી	370.05	23810.85
બેન્ક નિફ્ટી	537.85	55540.05

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બીએસઇ લિ.	5.03	3665.70
નેસલે ઇન્ડિયા	4.47	1248.40
ટાટા કન્ઝયુમર	4.29	1073.00
એશિયન પેઇન્ટસ	3.99	2437.80
ભારતી એરટેલ	3.77	2065.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	3.04	259.55
એસબીઆઇ	1.70	970.25
ઓએનજીસી	1.13	232.17
ઇન્ફોસીસ	1.11	1148.10
અદાણી એન્ટરપ્રાઇઝ	0.84	2593.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	4.16	1975.00
ભારતી એરટેલ	4.00	2065.90
એચડીએફસી બેન્ક	3.62	724.80
એશિયન પેઇન્ટસ	3.53	2431.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	3.05	11700.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	2.27	259.90
એસબીઆઇ	1.77	969.55
એનટીપીસી	0.87	320.70
ઇન્ફોસીસ	0.79	1146.00
ટાટા સ્ટીલ	0.54	176.20

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.				
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૭૫/૩૬ ''	૧૫૪	-----	---
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૩૬ ''	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
લોકલ		૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૮/૩૬	૧૭૦	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૮૦/૭૨ રોટો.	૧૬૫	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ''	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૩૭૦૦
તેજાબી સોનું	૧૪૩૬૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૬૫૧૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૦૮૨૫
સોનાનાં બિસ્કીટ	૧૪૩૭૦૦૦
ચાંદી (૯૯૯)	૧૮૬૨૦૦
ચાંદી સિક્કા	૧૮૭૭૦૦

મુકેશ અંબાણી ફરી બન્યા એશિયાના સૌથી ધનિક વ્યક્તિ

રિલાયન્સના શેરમાં 12 ટકાનો ઐતિહાસિક ઉછાળો આવતા અને જિયોના રેકોર્ડ IPO બાદ માર્કેટ કેપમાં મોટો વધારો

એક જ દિવસમાં માર્કેટ કેપ 1.6 લાખ કરોડ વધતાં બાઇટડાન્સના સ્થાપકને પાછળ છોડી વૈશ્વિક યાદીમાં મોટી છલાંગ લગાવી

નવી દિલ્હી, તા. 3: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી ફરી એકવાર એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. ફોર્બ્સના તાજા અહેવાલ અનુસાર મુકેશ અંબાણીએ એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિનો તાજ મેળવ્યો છે અને ટિકટોકની પેરેન્ટ કંપની બાઈટ ડાન્સના સહ સ્થાપક ઝાંગ ચીમિંગને પાછળ છોડી દીધા છે. મુકેશ અંબાણીની નેટવર્થમાં 10.5 ટકાનો વધારો થયો હતો, ત્યારબાદ તેમની નેટવર્થ વધીને 88.8 અબજ ડોલર એટલે કે 7.4 લાખ કરોડ થઈ ગઈ છે.

રિલાયન્સ ઈન્ડ.ના ઐતિહાસિક ઉછાળાને કારણે મુકેશ અંબાણીની નેટવર્થમાં આ બમ્પર વધારો થયો છે. સોમવારે રિલાયન્સના શેરમાં 12 ટકાનો ઉછાળો થયો છ. જેની માર્કેટ કેપ એક જ દિવસમાં 1.6 લાખ કરોડ રૂપિયા વધી છે.

રિલાયન્સ દ્વારા જાહેર કરવામાં આવેલા જુલાઈ-સપ્ટેમ્બર કવાર્ટરના સૌથી પ્રભાવશાળી પરિણામો બાદ આ રેલી આવી છે. કંપનીની કુલ આવક 28 ટકા વધીને 3.62 લાખ કરોડ થઈ છે. ઈબિટા 24 ટકા વધીને રૂ. 62409 કરોડ થયો છે. તે જ સમયે ચોખ્ખો નપો વધીને વિક્રમી રૂ. 29550 કરોડ થયો છે.

તાજેતરમાં 28 ઓકટોબરના રોજ રિલાયન્સની ડિજિટલ શાખા જિયો પ્લેટફોર્મમસને 27 ટકા બમ્પર પ્રીમિયમ સાથે એનએસઈ પર સુચિબદ્ધ કરવામાં આવી હતી. 3.2 અબજ ડોલરનો આ આઈપીઓ ભારતના ઈતિહાસનો સૌથી મોટો આઈપીઓ હતો, જેણે રિલાયન્સના વેલ્યુએશનને મોટો વેગ આપ્યો હતો.

પ્રભાવશાળી પરિણામો પછી, એવેન્ડસ સ્પાર્કના વિશ્લેષકોએ શેરને રિડયુસથી એડમાં અપગ્રેડ કર્યો છે. બ્લુમબર્ગના જણાવ્યા અનુસાર 2017 પછી આ પહેલીવાર છે જ્યારે કોઈ વિશ્લેષકને રિલાયન્સ પર હોલ્ડ અથવા સેલ રેટિંગ મળ્યું નથી.

ફોર્બ્સની રિયલ ટાઈમ અબજોપતિની યાદીમાં મુકેશ અંબાણી હવે વૈશ્વિક સ્તરે 22માં સ્થાને પહોંચી ગયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાઈટડાન્સના સહ સ્થાપક 84 અબજ ડોલરની નેટવર્થ સાથે 25માં ક્રમે સરકી ગયા છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી 80.1 અબજ ડોલરની નેટવર્થ સાથે વિશ્વભરમાં 26માં સ્થાને છે.

નિફ્ટીના વેલ્યુએશન ઘટતાં સંવત 2083માં ડબલ ડિજિટ વળતરની અપેક્ષા

બજારના કરેક્શન બાદ P/E રેશિયો 16.6 થતાં રોકાણકારો માટે જોખમ સામે વળતરની ઉત્તમ તક

મુંબઈ, તા. 3: નિફ્ટીના વેલ્યુએશનમાં ઘટાડો થતાં બ્રોકરેજ ફર્મો શેરબજારમાં સંવત 2083 માં ડબલ ડિજિટ વળતરની અપેક્ષા રાખે છે. સંવત 2082માં નબળા પ્રદર્શન પછી બ્રોકરેજ ફર્મો માને છે કે કોર્પોરેટ કમાણીમાં સુધારો અને વેલ્યુએશનમાં નરમાશ આવવાથી ભારતીય શેરબજારમાં 'રિસ્ક-રિવોર્ડ' (જોખમ સામે વળતર) ની વધુ અનુકૂળ તકો ઉભી થઈ રહી છે.

ભારતીય શેરબજારે સંવત 2082 દરમિયાન સંઘર્ષનો સામનો કર્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ, કાચા તેલના ભાવમાં અસ્થિરતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) દ્વારા સતત મૂડી પાછી ખેંચવાની પ્રક્રિયાને કારણે 'નિફ્ટી ૫૦' (Nifty 50) સૂચકાંકમાં લગભગ 3 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. બ્રોકરેજ પેઢીઓ બજારમાં આવેલા કરેક્શન (ઘટાડા) માં એક તક જોઈ રહ્યા છે. કોર્પોરેટ કમાણીમાં સુધારો, વેલ્યુએશનમાં સાધારણ ઘટાડો અને મજબૂત સ્થાનિક આર્થિક પાયાના પરિબળોને કારણે આગામી ૧૨ મહિનામાં બજારમાં રિકવરી આવવાની અપેક્ષાઓ પ્રબળ બની છે. ICICI ડાયરેક્ટને અપેક્ષા છે કે ભારતીય શેરબજારમાં બે આંકડામાં (ડબલ-ડિજિટ) સારું વળતર મળી શકે છે, જ્યારે કોટક નિયો (Kotak Neo) માને છે કે ટૂંકા ગાળાની વૈશ્વિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, કમાણીમાં સતત વૃદ્ધિ બજારને ટેકો આપી શકે છે.